ગુજરાત સમાચાર (સુરત આવૃત્તિ) ૯

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી-૩૯૬૪૫૦

તારીખ : ૨૧/૦૬/૨૦૨૩

## ડેડસ્ટોક સાધનોની જાહેર હરાજી કરવા માટેની નોટીસ

આથી તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરી અને કચેરી હેઠળના કાર્યરત વિવિધ એકમોના બિનઉપયોગી ડેડસ્ટોક સાધનોને રદબાતલ કરવાની જાહેર હરાજી નીચે દર્શાવેલ તારીખ, સમય અને સ્થળ મુજબ રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતાં ઈસમોએ ડિપોઝીટ પેટે રૂ.૫,૦૦૦/- જમા કરાવી હરાજીમાં ભાગ લઈ શકશે. બિનઉપયોગી ડેડસ્ટોક સાધનો હરાજીના એક દિવસ પહેલા કચેરી સમય દરમ્યાન હરાજીના સ્થળે જોઈ શકાશે તેમજ હરાજીની શરતો યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર દૈનિક વર્તમાનપત્રમાં પ્રકાશિત થયા બાદ જોવા મળશે.

**તારીખ અને સમય : ૦૫/૦૭/૨૦૨૩ અને સવારે ૧૦:૦૦ કલાકે**

**સ્થળ : બલરામ કૃષિકાર ભવન, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા, નવસારી**

માહિતી/નવસારી/૧૯૫/૨૦૨૩ વિસ્તરણ શિક્ષણ નિયામક

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

---

## ડેડસ્ટોક સાધનોની જાહેર હરાજીની શરતો

- હરાજીમાં ભાગ લેનાર ઈસમે રૂ. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ડિપોઝીટ પેટે જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં જે તે ઈસમે ડિપોઝીટ ભરી હશે તે જ ઈસમ હરાજીમાં ભાગ લઈ શકશે અને પ્રત્યેક ઈસમે સરકાર માન્ય ફોટો આઈ.ડી. કાર્ડ સાથે રાખવાનું રહેશે.
- ડિપોઝીટની રકમ જમા કરાવ્યા બાદ જ જે તે ઈસમ "બોલી" બોલી શકશે. હરાજી પૂર્ણ થયા બાદ ઉંચા ભાવ બોલનાર પ્રથમ, બીજા, ત્રીજા સિવાયના ઈસમોની ડિપોઝીટ પરત કરવામાં આવશે.
- હરાજીમાં મૂકેલ વસ્તુઓ બલરામ કૃષિકાર ભવન ખાતે હરાજીના એક દિવસ પહેલા કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં જોઈ શકાશે જે જોઈ તપાસીને જ હરાજીમાં ભાગ લેવો પાછળથી કોઈ પણ જાતની રજૂઆત સાંભળવામાં આવશે નહીં.
- જે ઈસમની સૌથી વધુ "બોલી" હશે અને માંગણી મંજૂર કરવામાં આવશે તેમણે હરાજીની વસ્તુઓ તેમના ખર્ચે પુરેપુરા નાણાં ભરી કામકાજના દિવસો દરમ્યાન બે દિવસમાં કચેરીની જાણ હેઠળ કચેરીમાંથી ગેટપાસ મેળવી લઈ જવાની રેહશે. નિયત સમય મર્યાદામાં હરાજીની વસ્તુઓ અત્રેથી લઈ ન જનાર ઈસમની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.
- હરાજીમાં જે ઈસમ વધુ રકમથી માંગણી કરશે તેમની બોલી મંજૂર કરવામાં આવશે તેમ છતા "બોલી" દરમ્યાન માંગણી કરેલ પ્રત્યેક ભાવો રદબાતલ કરવા અથવા અસ્વીકાર કરવાનો નિર્ણય કમિટીનો રહેશે જે હરાજીમાં ભાગ લેનાર પ્રત્યેક ઈસમોએ માન્ય રાખવા પડશે જે માટે તેઓ બંધનકર્તા રહેશે.
- હરાજી દરમ્યાન હરાજીમાં ભાગ લેનાર ઈસમો અને કમિટીના સભ્યો સાથે કોઈ મુદ્દા પર વાદ–વિવાદ ઉભો થાય તો તે સમયે કમિટીના સભ્યો અને નીચે સહી કરનારનો નિર્ણય આખરી રહેશે જે માટે પ્રત્યેક ઈસમો બંધનકર્તા રહેશે.
- હરાજીમાં ભાગ લેનાર ઈસમો કે વેપારી હરાજીના વિવાદ અંગે કોર્ટ કચેરીનો આશરો લઈ શકશે નહી.
- હરાજી યુનિવર્સિટી કેમ્પસ ખાતે હોઈ હરાજી દરમ્યાન પ્રત્યેક ઈસમે શિસ્તતાનું સખ્ખતાઈથી પાલન કરવાનું રહેશે. હરાજી દરમ્યાન શિસ્તતા ભંગ કરનાર ઈસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં અને સ્થળ છોડી જવાનું રહેશે.

**હરાજી માટેનું સ્થળ:** બલરામ કૃષિકાર ભવન,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
એરૂ ચાર રસ્તા, નવસારી

(signature) 7/6/23

**વિસ્તરણ શિક્ષણ નિયામક**